# *સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.*

ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૧૩/૨૦૨૬.

આંક-......

અરજદાર/આરોપીઃ ૧. દુરબેશ ઓમપાલ રાજપુત
ઉ.આ.-૨૫ વર્ષ, ધંધોઃ મજુરી,

૨. ભરતકુમાર સરણસિંહ રાજપુત
ઉ.આ.વ.૨૦, ધંધો : મજુરી,
બંને રહે : ઘર નં.૨૪, ભરતનગર સોસાયટી,
એલ.એચ.રોડ, વરાછા, સુરત.

૩. મુનેશકુમાર જમનાદાસ રાજપુત
ઉ.આ.વ.૩૧, ધંધો: મજુરી,
રહે : શેરી નં.૩, સરદાર માર્કેટ પાછળ,
પુણાગામ, સુરત.

હાલ -મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત.

**- વિરુદ્ધ -**

સામાવાળાઃ શ્રી સરકાર.

***બાબતઃ*** *બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.*

હાજર રહ્યા-

અરજદાર/આરોપીઓ તરફે વિ. વ. શ્રી કે. કે. રાવત.
સામાવાળા તરફે વિ. એ. પી.પી.શ્રી ટી. એ. પંચોલી.

## - JUDGMENT -

૧. હાલના કામની અરજદાર/આરોપીઓની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપીઓને વરાછા પોલીસ સ્ટેશન પાર્ટ-"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૦૨૬૦૫૫૦/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ ૧૪૪(૨) તથા ધી ઇમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની

કલમ–૩,૪,૫ અને ૭ મુજબના ગુનાના કામે તા.૦૮–૦૩–૨૦૨૬ ના રોજ અટક કરી વિ. કોર્ટમાં રજુ કરેલા અને વિ.ટ્રા.કોર્ટમાં તેઓએ જામીન ઉપર મુકત થવા જામીન અ.નં.૪૫૫૪/૨૬ કરેલ જે નામંજુર કરવામાં આવેલ અને ત્યારથી તેઓ જયુડી. કસ્ટડીમાં છે. જે કામે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.એપીપીશ્રી હાજર થયેલ છે અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–૫ થી સોગંદનામું રજુ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. તેમજ અરજદાર/આરોપીઓ પાસેથી કોઇ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ નથી કે કરવાની બાકી રહેતી નથી. અરજદાર/આરોપીઓ એ ગુનાના કામે કોઇ ભાગ ભજવેલ નથી કે ફરીયાદમાં જણાવ્યા મુજબ શરીર સુખ માણવા આવેલ નથી. પોલીસે સારી કામગીરી બતાવવા ખોટા આક્ષેપો કરેલા છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી મજુરી કામ કરી તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે. અરજદાર/ આરોપીઓ સામે આજીવન કેદ કે મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાનો આક્ષેપ નથી. ફરીયાદની તપાસ પુર્ણ થતા સુધી અરજદાર/ આરોપીઓ ફરીયાદપક્ષના કેસના સાહેદોને ડરાવશે, ફોડશે કે ફોસલાવશે તેવી કોઇ સંભાવના રહેલી નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીઓ ઉપર તેમના પરીવારની જવાબદારી છે જેથી નાસી ભાગી જવાનો કોઇ પ્રશ્ન નથી. અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરશે અને

ફરીયાદપક્ષના સાહેદોને તોડવા કે ફોડવાનો તેમજ લાભ લાલચ આપવાનો કે ધાક ધમકી આપવાનો કોઈ પ્રયત્ન કરશે નહિં.

અરજદાર/આરોપીએ તેમની અરજીમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ભગીરથસિંહ જાડેજા વિ. ગુજરાત સરકાર તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમી મીસ. એપ્લી.નં.૮૧૫૬/૨૦૧૭ ના કામે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.એપીપીશ્રીએ અરજદાર/આરોપીઓની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપીઓ બનાવ સ્થળે શરીર સુખ માણવા આવેલાનું અને શરીર સંબંધ બાંધવા માટે રૂા.૫૦૦/- આપેલાનું તપાસ દરમ્યાન જણાય આવેલ છે. તેમજ હાલના અરજદાર/આરોપીઓ અન્ય મહિલા આરોપી બનાવવાળી જગ્યાએ કુટુંણખાનું ચલાવતા હોવાનું જાણવા છતાં સદર જગ્યાએ શરીરસુખ માણવા આવી સક્રીય ભાગ ભજવેલ છે. અરજદાર/આરોપીઓએ સહઆરોપીઓ સાથે મળી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો નાસી ભાગી જાય તેમ છે અને ફરીથી આવા જ ગુનાઓ કરે તેમ છે તેમજ ફરીયાદી સાથે સુલેહશાંતીનો ભંગ કરી કરાવે તેવી શકયતાઓ તેમજ સાહેદોને ધમકી આપે તેમજ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેમ હોય અરજદાર/આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. અરજદાર/આરોપીની અરજી, બન્ને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની રજૂઆતો તથા તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ આંક-૫ વાળું સોગંદનામું ધ્યાને લીધુ. હાલના અરજદાર/આરોપીઓ સામે વરાછા પોલીસ સ્ટેશન પાર્ટ-"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૦૨૬૦૫૫૦ /૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ ૧૪૪(૨) તથા ધી ઈમોરલ

ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ–૩,૪,૫ અને ૭ મુજબનો ગુનો નોંધાયેલ છે.

સદર કામે તપાસકર્તા અમલદારે રજુ કરેલ સોગંદનામાની વિગતો જોતાં તેમાં તેઓએ ગુનાની તપાસ ચાલુ હોવાનું જણાવેલ છે તે સિવાય હાલના અરજદાર/આરોપીઓની ગુનાના કામે કોઇ જરૂરીયાત હોય કે તેઓની પાસેથી કોઇ રીકવરી કરવાની હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

તેમજ તપાસકર્તા અમલદારે તેમના સોગંદનામામાં અરજદાર/ આરોપીઓ સામે કોઇ ગુનાહિત ઈતિહાસ ન હોવાની વિગતો જણાવેલ છે.

વધુમાં, તપાસકર્તા અમલદારે તેમના સોગંદનામામાં અરજદાર/ આરોપીઓને જામીન ઉપર મુકત નહિં કરવા અંગેના જે કારણો જણાવેલા છે તેમાં મુખ્યત્વે અરજદાર/આરોપીઓ મહિલા આરોપીઓ કુટુંણખાન ચલાવતા હોય તેવુ જાણતા હોવા છતાં બનાવવાળી જગ્યાએ શરીરસુખ માણવા આવી ગુનામાં સક્રીય રોલ ભજવેલ છે અને અરજદાર/આરોપીઓને છોડવામાં આવે તો તેઓ ફરીથી આવા ગુનાઓ કરશે તેમજ ફરીયાદક્ષના સાહેદોને ધાક ધમકી આપી ફરીયાદપક્ષના પુરાવાને નુકસાન કરશે તેમજ ફરીયાદી સાથે સુલેહશાંતીનો ભંગ કરશે તેમજ નાસી ભાગી જાય તેમ છે. જે તમામ હકીકતો ધ્યાને લેતાં તપાસકર્તા અમલદારે જે દહેશતો દર્શાવેલ છે તેને શરતો લાદી નિવારી શકાય તેમ છે. તેમજ અરજદાર/આરોપીઓએ તેમની જામીન અરજીમાં તેઓ સુરત મુકામે રહેતા હોવાની હકીકતો જણાવેલ છે. તેમજ રજુ પોલીસ પેપર્સ વંચાણે લેતાં અરજદાર/ આરોપીઓ સામે મહત્વની પોલીસ તપાસ પુર્ણ થયેલાનું જણાય આવે છે.

હાલના અરજદાર/આરોપીઓ યુવાન વયની ઉંમરના છે અને તેઓને જો વધુ સમય પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવેથી ન્યાયનો

હેતુસર તેમ જણાય આવતો નથી. આથી અરજદાર/આરોપીઓનાં વિ.વ.શ્રીની દલીલો ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવે છે.

આમ, હાલના અરજદાર/આરોપીઓની જામીન અરજી તથા સલંગ્ન પેપર્સની પ્રથમ દર્શનીય વિગતો અને અરજદાર/આરોપીના વિ. વ. શ્રીની દલીલ જોતા, નામદાર સર્વોચ્ચ તથા નામદાર વડી અદાલતના માર્ગદર્શક ચુકાદાઓમાં જામીન અંગેના પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંત તેમજ, નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદા *Sanjay Chandra vs. C.B.I. reported in (2012) 1 SCC 40* માં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત ધ્યાને લેતાં અને અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની હાલની અરજીમાં જણાવેલા ભગીરથસિંહ જાડેજા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના માર્ગદર્શક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત ધ્યાને લેતાં તથા જામીન ઉપર મુકત કરતી વખતે અદાલતે કેસના ગુણદોષ ઉપર નહિ ઉતરીને માત્ર કેસની ગંભીરતા, આરોપીએ ગુનામાં ભજવેલો રોલ તથા સજા અંગેની જોગવાઇ ધ્યાને લેવી જોઇએ. તેમજ પ્રર્વતમાન સંજોગો ધ્યાને લેતાં સદર કેસની કાર્યવાહી ચાલીને પૂર્ણ થવામાં સમય જાય તેમ છે અને ત્યાં સુધીમાં અરજદાર/આરોપીને જયુડિશિયલ કસ્ટડીમાં રાખી મૂકવાનું આ કામે હાલ ઉચિત જણાય આવતું નથી. આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીને બી.એન.એસ. એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૧૩/૨૦૨૬ **મંજૂર** કરવામાં આવે છે.

વરાછા પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૦૨૬૦૫૫૦/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ

૧૪૪(૨) તથા ધી ઇમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ–૩,૪,૫ અને ૭ મુજબના ગુનાના કામે હાલના દરેક અરજદાર/આરોપી નાઓએ **રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત કોર્ટમાં સંતોષકારક જણાય તે રીતે રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શરતો–</u>**

૧. અરજદાર/આરોપીઓએ આજ કે આવા કોઈપણ પ્રકારના ગુન્હામાં પોતાની જાતની સંડોવણી થાય તેવું કૃત્ય કરાવવું નહીં.

૨. અરજદાર/આરોપીઓએ સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૩. અરજદાર/આરોપીઓએ ફરિયાદ પક્ષના સાહેદોને લોભ, લાલચ, પ્રલોભન, ધાક–ધમકી આપી ફોડવાના પ્રયત્નો કરવા નહીં કે કેસને નુકસાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં.

૪. અરજદાર/આરોપીઓ પોતે જયાં રહેતાં હોય તે રહેણાંકનું હંગામી તથા કાયમી વિગતવારનું સરનામું ત. ક. અમલદાર શ્રી તથા સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટમાં આધાર પુરાવા સહિત રજૂ કરવું.

૫. અરજદાર/આરોપીઓ માટે જામીન થનાર વ્યક્તિ બીજા કોઇ કેસમાં કોઇના પણ જામીન થયેલા હોવા જોઇએ નહિ.

૬. અરજદાર/આરોપીઓએ તપાસમાં સાથ સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં તપાસ માટે બોલાવે ત્યારે હાજર રહેવું.

ઉપરોક્ત શરતો પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી આરોપીના જામીન આપો આપ રદ્દ થયેલા ગણાશે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશન તથા જીલ્લા જેલ લાજપોર, સુરતને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજરોજ તારીખઃ **૧૩**મી, માહે–**માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)